# બેલ્ફાસ્ટમાં સતત બીજા દિવસે હિંસક તોફાન: વાહનો અને ઇમારતો ફૂંકાયા






**એક** સુદાનીઝે એક શખ્સનો શિરચ્છેદ કરવાનો પ્રયાસ કર્યા બાદ તોફાનો ફાટ્યા

**શરણાર્થીઓની** હોટેલ પર હુમલાનો પ્રયાસ; તોફાની તત્વો પર પોલીસનો વોટર કેનન-રબરની ગોળીઓથી મારો

લંડન, તા. ૧૧: બેલ્ફાસ્ટમાં વિરોધ પ્રદર્શનકારીઓના ટોળા અને પોલીસ વચ્ચે હિંસક ઘર્ષણ થતાં સતત બીજા દિવસે અરાજકતા ફેલાઈ હતી - સોશિયલ મીડિયા પર 'પ્રવાસીઓના ઘરો'ની એક 'હિટ લિસ્ટ' વાયરલ થયાના ગણતરીના કલાકોમાં જ આ ઘટના બની હતી.

ઉત્તર બેલ્ફાસ્ટના ગ્લેનગોર્મલીમાં સેંકડો પદાર્થો અને સળગતી વસ્તુઓ વડે હુમલો કરવામાં આવતા પોલીસે આક્રમણકારો પર વોટર કેનન અને રબરની ગોળીઓનો મારો ચલાવ્યો હતો. આ સાંજનું મુખ્ય સંઘર્ષ કેન્દ્ર બનેલા આ જ વિસ્તારમાં પ્રદર્શનકારીઓએ એક ઇમારત અને કેટલાય વાહનોને આગ ચાંપી દીધી હતી. હંગામાની શરૂઆત ત્યારે થઈ જ્યારે એક ટોળાએ શરણાર્થીઓને રાખતી 'ચિમ્ની કોર્નર હોટેલ' તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એન્ટ્રીમ રોડને બ્લોક કરીને ઉભેલી પોલીસ વાહનોની ટુકડીઓએ તેમને રોક્યા હતા. હુડવાળા અને ચહેરા પર માસ્ક લગાવેલા અનેક તોફાનીઓએ પોલીસ લાઇન પર હુમલો કરવાનું શરૂ કર્યું - જેના કારણે પોલીસ અધિકારીઓને તેમની સબળ લેન્ડ રોવર ગાડીઓની પાછળ આશરો લેવા માટે મજબૂર થવું પડ્યું હતું. તોફાની ટોળાએ પોલીસ પર ટ્રાફિક શંકુ, વ્હીલી બિન, ઈંટો, બોટલો અને ફટાકડા ફેંક્યા હતા, તેમજ ઇમારતો અને વાડના કાટમાળમાંથી હથિયારો બનાવવા માટે સ્લેજહેમરનો ઉપયોગ કર્યો હતો.જવાબમાં અધિકારીઓએ વોટર કેનન ચલાવ્યા હતા. સોમવારે રાત્રે ઉત્તર બેલ્ફાસ્ટમાં એક સુદાનીઝે એક શખ્સનો શિરચ્છેદ કરવાનો પ્રયાસ કર્યા બાદ આ હિંસા ફાટી નિકળી હતી.

## ૧૦૦ મિલિયન ડોલરનું મહાકૌભાંડ: ભારતીય - અમેરિકન ઝડપાયો

**વીમા** રેકોર્ડમાં હેરાફેરી કરી બેંકને ૯૯૫ કરોડનો ચૂનો લગાવ્યો; ૩૦ વર્ષની જેલ થઈ શકે

વોશિંગ્ટન, તા. ૧૧ (પીટીઆઈ): કેલિફોર્નિયામાં એક ૪૪ વર્ષીય ભારતીય-અમેરિકન વ્યક્તિની વીમા પોલિસીઓના ટાઇટલ રેકોર્ડમાં હેરાફેરી કરીને એક બેંક સાથે આશરે ૧૦૦ મિલિયન યુએસ ડોલર (અંદાજે રૂ. 995 કરોડ)ની છેતરપિંડી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

મહેન્દ્ર મખીજાની અમેરિકામાં ગ્રીન કાર્ડ પર રહી રહ્યો છે અને જો તે દોષિત સાબિત થશે તો તેને જેલમાં વધુમાં વધુ ૩૦ વર્ષની સજા થઈ શકે છે. સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ ઓફ કેલિફોર્નિયાના ફર્સ્ટ આસિસ્ટન્ટ યુએસ એટર્ની બિલાલ એસાઈલીએ જણાવ્યું હતું કે, "કોરોના ડેલ માર ખાતે રહેતા અને ભારતથી આવેલા કાયદેસરના કાયમી નિવાસી મહેન્દ્ર મખીજાનીની બુધવારે સવારે એક સંઘીય ફોજદારી ફરિયાદના આધારે ધરપકડ કરવામાં આવી છે, જેમાં તેમના પર એક બેંક સાથે આશરે ૧૦૦ મિલિયન યુએસ ડોલરની છેતરપિંડી કરવાનો આરોપ છે."

આઈઆરએસ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશનની લોસ એન્જલસ ફીલ્ડ ઓફિસના એક્ટિંગ સ્પેશિયલ એજન્ટ ઈન ચાર્જ ડેરેન લિયાને જણાવ્યું હતું કે, "આરોપ મુજબ, મખીજાનીએ ટાઇટલ ઈન્સ્યોરન્સ રેકોર્ડ્સમાં ખોટી વિગતો દર્શાવી, સાચી લીન પોઝિશન છુપાવી અને ફેડરલ વીમો ધરાવતી બેંકને આશરે ૧૦૦ મિલિયન યુએસ ડોલરનો ચૂનો લગાવવા માટે શેલ કંપનીઓના નેટવર્કનો ઉપયોગ કર્યો હતો."

બુધવારે આપેલા એક નિવેદનમાં એસાઈલીએ જણાવ્યું હતું કે, આ ધરપકડ દેશની બેંકિંગ સિસ્ટમ સામેના જોખમોનો સામનો કરવા માટે તેમની ઓફિસના સતત સંકલ્પને દર્શાવે છે.

## નેપાળનો યુ-ટર્ન: ભારતીય કેરીઓની આયાત પર કોઈ પ્રતિબંધ નથી

**જંતુનાશકોની** આશંકાએ રોકેલો જથ્થો સર્ટિફિકેટ મળ્યા બાદ મુક્ત કરાયો; બજારમાં સપ્લાય યથાવત

કાઠમંડુ, તા. ૧૧ (પીટીઆઈ) એક યુ-ટર્ન લેતાં નેપાળે જણાવ્યું છે કે, તેણે ભારતીય કેરીઓની આયાત પર કોઈ પ્રતિબંધ લાદ્યો નથી અને ભારપૂર્વક કહ્યું છે કે, માંગને આધારે અને ચોક્કસ નિયમો અનુસાર નેપાળી બજારમાં આ ફળના પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવી છે.

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તેના થોડા દિવસો પહેલાં જ નેપાળી અધિકારીઓએ કહ્યું હતું કે, સરકારે અત્યંત વધુ પડતા જંતુનાશકો ધરાવતી અને સરહદી વિસ્તારોમાં, મુખ્યત્વે મધેશ પ્રાંતમાં ક્વોરેન્ટાઈન સુવિધાઓના અભાવને કારણે ભારતીય કેરીઓની આયાત પર નિયંત્રણો મૂક્યા છે.

બુધવારે કૃષિ, વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાંથી કેરીની આયાત કરવા પર કોઈ પ્રતિબંધ નથી. મંત્રાલય હેઠળના પ્લાન્ટ ક્વોરેન્ટાઈન એન્ડ પેસ્ટિસાઈડ મેનેજમેન્ટ સેન્ટરે જણાવ્યું હતું કે, વિવિધ મીડિયા આઉટલેટ્સ અને સોશિયલ મીડિયા પર ભારતીય કેરીઓ પર પ્રતિબંધ અંગેના અહેવાલો આવ્યા બાદ તેનું ધ્યાન આ બાબત તરફ દોરાયું હતું.

કેન્દ્રે જણાવ્યું હતું કે, તેણે ભારતમાંથી કેરીની આયાત પર કોઈ પ્રતિબંધ લાદ્યો નથી અને ચોક્કસ નિયમોના પાલનમાં માંગના આધારે નેપાળી બજારમાં આ ફળના પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવી છે.

ફળોમાં હાનિકારક જંતુઓની શંકાને કારણે થોડા દિવસો પહેલા મધેશ પ્રાંતના ભીત્તામોડ ક્વોરેન્ટાઈન ચેક પોસ્ટ પર ભારતમાંથી આવેલો કેરીઓનો એક મોટો જથ્થો અટકાવવામાં આવ્યો હતો.

મધેશ પ્રાંતના જમીન વ્યવસ્થાપન, કૃષિ અને સહકારી મંત્રાલયના પ્રવક્તા મનીષ કુમાર પાલે જણાવ્યું હતું કે, ભારતીય સત્તાવાળાઓ તરફથી પ્લાન્ટ હેલ્થ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા બાદ હવે આ જથ્થાને મુક્ત કરવામાં આવ્યો છે.

**જમાત-એ-ઇસ્લામીના નેતૃત્વમાં ૧૧ પક્ષોનું ગઠબંધન શુક્રવારે બોર્ડર પર રેલીઓ યોજશે**

## ભારતના વિરોધમાં બાંગ્લાદેશી પક્ષો કરશે પ્રદર્શનો

**ભારત** દ્વારા કથિત રીતે બાંગ્લાદેશી નાગરિકોને બળપૂર્વક ખદેડાતા હોવાના વિરોધમાં પ્રદર્શનોનો કાર્યક્રમ, બાંગ્લાદેશીઓની હત્યાનો પણ ભારત પર આક્ષેપ

**બાંગ્લાદેશની** તારીક સરકાર પર પ્રહારો, ૧૫મીએ ઢાકામાં વિશાળ રેલીનું આયોજન

ઢાકા, તા. ૧૧: બાંગ્લાદેશના જમાત-એ-ઈસ્લામી અને ઈસ્લામી તથા અન્ય વિપક્ષી પક્ષોના તેના ગઠબંધને (જેમાં શેખ હસીના વિરોધી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની એનસીપી પણ સામેલ છે) ભારત દ્વારા કથિત રીતે બળપૂર્વક બાંગ્લાદેશીઓને સરહદ પાર ધકેલવા અને સરહદ નજીક બાંગ્લાદેશી નાગરિકોની હત્યાના વિરોધમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર પ્રદર્શનો કરવાની જાહેરાત કરી છે. બાંગ્લાદેશી પક્ષોની આ વિરોધ પ્રદર્શનની યોજના શફીકુર રહેમાનની આગેવાની હેઠળની જમાત દ્વારા જાહેર કરવામાં આવી હતી.

જમાતની આગેવાની હેઠળના ૧૧-પક્ષીય ગઠબંધને જણાવ્યું હતું કે તેઓ શુક્રવારે બાંગ્લાદેશભરના સરહદી જિલ્લાઓ અને મુખ્ય સરહદી પોઈન્ટ્સ પર વિરોધ રેલીઓ યોજશે, ત્યારબાદ ૧૫ જૂને ઢાકામાં એક રેલી અને સરઘસ કાઢવામાં આવશે. આ ગઠબંધને વડાપ્રધાન તારિક રહેમાનની બીએનપી સરકાર પર પ્રહારો કર્યા છે અને ભારત પર લોકોને સરહદ પાર ધકેલવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે.

જમાત ગઠબંધને એવો પણ આક્ષેપ કર્યો છે કે ભારતના બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) દ્વારા કરવામાં આવેલા ફાયરિંગમાં બાંગ્લાદેશી નાગરિકો માર્યા ગયા છે.

ભારતીય સરહદ ચોકીઓ તરફ કૂચ કરવાની જમાતની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે કથિત "પુશ-ઈન્સ" નો મુદ્દો બાંગ્લાદેશમાં ચર્ચાનો મોટો વિષય બન્યો છે. અહેવાલો અનુસાર, નવી દિલ્હીમાં ભારતના બીએસએફ (BSF) અને બાંગ્લાદેશના બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) વચ્ચે મહાનિર્દેશક (DG) સ્તરની તાજેતરની વાટાઘાટો પહેલા ઢાકા દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

જો કે, ભારતે પોતાનું વલણ સ્પષ્ટ રાખ્યું છે કે તે કોઈને બળજબરીથી ધકેલી નથી રહ્યું અને માત્ર પ્રસ્થાપિત કાનૂની પ્રક્રિયાઓ અને દ્વિપક્ષીય વ્યવસ્થાઓ દ્વારા ગેરકાયદેસર વિદેશી નાગરિકોને તેમના દેશ પાછા મોકલી રહ્યું છે. નવી દિલ્હીનું કહેવું છે કે યોગ્ય ચકાસણી પછી અને હાલની પ્રક્રિયાઓ અનુસાર જ માત્ર ગેરકાયદેસર વસેલાઓને પાછા મોકલવામાં આવી રહ્યા છે. ઈસ્લામી પક્ષોના આ આયોજિત પ્રદર્શનોને કારણે આ મુદ્દો સત્તાવાર રાજદ્વારી ચેનલોમાંથી બહાર આવીને રસ્તાઓ પર પહોંચે તેવી અપેક્ષા છે.

## બાળકો માટે સોશિયલ મીડિયા પર બ્રેક: કેનેડા સરકાર લાવી નવો ખરડો

**૧૬** વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રતિબંધ; ભંગ કરનાર કંપનીઓને કરોડોનો દંડ

**આવો** પ્રતિબંધ મૂકનાર દેશોની ધીમે ધીમે વધી રહેલી સંખ્યા

ઓટાવા, તા. ૧૧(પીટીઆઈ): કેનેડાએ એક ડિજિટલ સુરક્ષા ખરડો રજૂ કર્યો છે, જે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વપરાશ પર પ્રતિબંધ મૂકશે, જ્યારે કંપનીઓ જો યુવા વપરાશકર્તાઓ માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોવાનું સાબિત કરી શકે તો તેમને આમાંથી મુક્તિ મેળવવાની મંજૂરી આપશે.

કેનેડિયન આઇડેન્ટિટી એન્ડ કલ્ચર મંત્રી માર્ક મિલર દ્વારા બુધવારે રજૂ કરાયેલ 'બિલ સી-૩૪', એ ઓનલાઈન નુકસાનને રોકવા માટે કાનૂની માળખું તૈયાર કરવાનો કેનેડા સરકારનો નવો પ્રયાસ છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, સૂચિત કાયદો ચેટજીપીટી જેવી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ચેટબોટ સેવાઓનું પણ નિયમન કરશે અને ઓનલાઇન પ્લેટફોર્મ્સ માટે સુરક્ષાની નવી જરૂરિયાતો દાખલ કરશે. નિવેદનમાં જણાવાયું છે કે, કેનેડામાં નુકસાન થઈ ગયા પછી તેના પર પગલાં લેવા માટેના કાયદા તો અસ્તિત્વમાં છે, પરંતુ હાલમાં ઓનલાઈન સેવાઓ પ્રારંભિક તબક્કે જ નુકસાનને અટકાવે તે માટે બહુ ઓછા નિયમો છે. તેમાં ઉમેર્યું છે કે, સૂચિત 'સેફ સોશિયલ મીડિયા એક્ટ'નો હેતુ આ સ્થિતિ બદલવાનો છે, જેથી સોશિયલ મીડિયા સેવાઓ અને AI ચેટબોટ પ્રદાતાઓ નુકસાન થાય તે પહેલાં જ તેને રોકવા માટે જવાબદાર બને. જો આ ખરડો પસાર થઈ જશે, તો તે ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા થતા સાયબર બુલિંગ અથવા હેરાનગતિ સહિતના હાનિકારક કન્ટેન્ટથી બાળકોને બચાવવાની જવાબદારી વેબસાઇટ્સ પર નાખશે. આ કાયદાનું ઉલ્લંઘન કરતી કંપનીઓને ૧ કરોડ કેનેડિયન ડોલર અથવા તેમની વૈશ્વિક આવકના ત્રણ ટકા, બેમાંથી જે વધારે હોય તેટલો દંડ થઈ શકે છે. આ પગલું કેનેડાને બાળકો માટે ઓનલાઈન સુરક્ષા મજબૂત કરવા માંગતા વિશ્વના દેશોની યાદીમાં સામેલ કરે છે. ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના વપરાશ પર પ્રતિબંધ મૂકતો કાયદો ઓસ્ટ્રેલિયા અને ઇન્ડોનેશિયાએ અમલી બનાવ્યો છે, જ્યારે યુકે, ફ્રાન્સ, ગ્રીસ, સ્પેન અને મલેશિયા સહિતના દેશોએ બાળકોની ઓનલાઈન સુરક્ષા સુધારવાના હેતુથી સમાન પગલાંઓ પર વિચાર કર્યો છે કે પ્રસ્તાવ મૂક્યો છે. ભારતના બે રાજ્યોએ આવો પ્રતિબંધ મૂક્યો છે.

## હરિયાણામાં જિમ માલિક પર તાબડતોબ ૧૦ રાઉન્ડ ફાયરિંગ

**અજ્ઞાત** હુમલાખોરોના ફાયરિંગમાં એક મહિલા પણ ઘાયલ

ચંદીગઢ, તા. ૧૧ (PTI) હરિયાણાના હાંસીમાં ગુરુવારે વહેલી સવારે બે અજ્ઞાત બાઈકસવાર હુમલાખોરોએ એક જિમ-માલિકની ગોળી મારી હત્યા કરી નાખી હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ ફવારા ચોક નજીક બની હતી, જ્યારે જિમના માલિક, જેની ઓળખ જીંદના એક ગામના રહેવાસી 26 વર્ષીય કપિલ રેઢુ તરીકે થઈ છે, તે હથી ૭ લોકોના જૂથ માટે આઉટડોર એક્સરસાઈઝ સેશનનું સંચાલન કરી રહ્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં કથિત રીતે રેઢુ કસરત સેશન ચલાવતો જોવા મળી રહ્યો છે, તે જ સમયે બે હુમલાખોરો બાઈક પર આવ્યા હતા. વાહન પર સવાર લોકોમાંથી એક નીચે ઊતરતો અને ભાગતાં પહેલાં રેઢુ પર કથિત રીતે ૧૦ રાઉન્ડ ફાયરિંગ કરતો જોવા મળ્યો હતો. રેઢુને બાદમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ ફાયરિંગની ઘટનામાં નજીક ઊભેલી એક મહિલા પણ ઘાયલ થઈ હતી.

પોલીસે જણાવ્યું હતું કે, તેઓ વિવિધ એંગલથી તપાસ કરી રહ્યા છે. કારણ કે, ભોગ બનનારનો ભૂતકાળનો ગુનાહિત ઈતિહાસ હતો અને તેના પર કેટલાક કેસ ચાલી રહ્યા હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રેઢુને કોઈની સાથે દુશ્મની હતી કે કેમ તે ચકાસવા માટે તપાસ ચાલુ છે. હાંસીના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ વિનોદ શંકરે જણાવ્યું હતું કે, રેઢુ, જે હાંસીમાં ફિટનેસ સેન્ટર ચલાવતો હતો, તેણે તાજેતરમાં જ પોતાનો વ્યવસાય તે જ વિસ્તારમાં નવા સ્થળે સ્થળાંતરિત કર્યો હતો. રેઢુની માતાએ પોલીસને જણાવ્યું હતું કે, તેનાં લગભગ ત્રણ વર્ષ પહેલાં કોર્ટ મેરેજ થયાં હતાં.

## ૨૦ ટકાથી વધુ ઈથેનોલ ધરાવતા પેટ્રોલને એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ

**પેટ્રોલ** પર પહેલાથી જ એક્સાઇઝ ડ્યુટી ચુકવી દેવાઇ હોવાથી અને ઇથેનોલો પર જીએસટી ચુકવી દેવાયો હોવાથી બેવડો કર ટાળવા કરાયેલી જાહેરાત

**૨૦** ટકા સુધીના ઇથેનોલ મિશ્રણ માટેના પેટ્રોલ પર અગાઉ આબકારી જકાતમાંથી મુક્તિ જાહેર કરાઇ છે

નવી દિલ્હી, તા. ૧૧: કેન્દ્ર સરકારે ૨૨% થી લઈને ૩૦% સુધી એથેનોલ મિશ્રિત પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ન લેવાનો નિર્ણય કર્યો છે. હાલમાં મોટાભાગની જગ્યાઓ પર ૨૦% એથેનોલ મિશ્રિત પેટ્રોલ મળે છે, જેના પર નવી રાહત આપવામાં આવી નથી. કેન્દ્ર સરકારનું કહેવું છે કે આનાથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળશે.

ભારત સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને પેટ્રોલમાં હાઈ-લેવલ એથેનોલ બ્લેન્ડિંગને એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્ત કરી દીધું છે. આ અંતર્ગત જે પેટ્રોલમાં ૨૨% થી લઈને ૩૦% સુધી એથેનોલ મિશ્રિત હશે, તેના પર કોઈ એક્સાઈઝ ડ્યુટી લાગશે નહીં.

આ ટેક્સ મુક્તિના દાયરામાં પેટ્રોલના ચાર નવા વેરિઅન્ટ્સ- E22, E25, E27 અને E30 નો સમાવેશ થશે. આ પ્રથમ વખત છે જ્યારે સરકારે E20 થી ઉપરના બ્લેન્ડ્સ માટે આટલા મોટા આર્થિક સપોર્ટ કે નાણાકીય પ્રોત્સાહનની જાહેરાત કરી છે.

પેટ્રોલ પર પહેલેથી જ એક્સાઈઝ ડ્યુટી (ઉત્પાદન શુલ્ક) ચૂકવી દેવામાં આવી હોવાથી અને બ્લેન્ડિંગ (મિશ્રણ) માટે વપરાતા ઈથેનોલ પર GST ચૂકવી દેવામાં આવ્યો હોવાથી તેના મિશ્રણને એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કે ૨૦ ટકા સુધીના ઈથેનોલ મિશ્રણ માટે, નાણા મંત્રાલય દ્વારા મિશ્રિત પેટ્રોલ પરની આબકારી જકાતમાંથી મુક્તિ આપવામાં આવી હતી. આ મુક્તિ એ સુનિશ્ચિત કરે છે કે જે જકાત પહેલેથી જ ચૂકવી દેવામાં આવી છે, તે મિશ્રણ પર બીજી વખત વસૂલવામાં ન આવે.

## કેરળમાં નિપાહ વાયરસનો કેસ નિકળતા સાવચેતીના પગલા શરૂ

**એક** ૪૩ વર્ષીય પુરુષને આ રોગ હોવાનું સાબિત થયું, તે આઇસીયુમાં સારવાર હેઠળ છે

**તેના** ૭૭ સંપર્કો ઓળખી કાઢીને ક્વોરેન્ટાઇન સહિતના પગલા, કેરળમાં સર્વેલન્સ કામગીરી શરૂ

કોઝીકોડ/તિરુવનંતપુરમ, 11 જૂન (PTI): કોઝીકોડ જિલ્લામાં નિપાહ વાયરસના ચેપનો એક કેસ કન્ફર્મ થયો છે, જેને પગલે વહીવટીતંત્રે ગુરુવારે નિવારક પગલાં લેવાનું શરૂ કર્યું છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વિરોલોજી (NIV), પુણેના સેમ્પલ ટેસ્ટના પરિણામમાં કોઝીકોડના રામનાત્તુકરાના 43 વર્ષીય પુરુષમાં આ ચેપ હોવાની પુષ્ટિ થઈ છે, તેમ કોઝીકોડના જિલ્લા કલેક્ટર એમ. એસ. માધવીકુટ્ટીએ જણાવ્યું હતું. સરકારી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે દર્દી કોઝીકોડ મેડિકલ કોલેજ હોસ્પિટલના ICUમાં સારવાર હેઠળ છે. આરોગ્ય મંત્રી કે. મુરલીધરને જણાવ્યું હતું કે દર્દીની સ્થિતિ સ્થિર છે, જો કે તે હજુ પણ વેન્ટિલેટર સપોર્ટ પર છે. માધવીકુટ્ટીના જણાવ્યા અનુસાર, સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવેલા 77 લોકોને ચિહ્નિત કરવામાં આવ્યા છે.

## PoKમાંચાલુરહેલીઅશાંતિ:લશ્કરનાગોળીબારમાંવધુ૧૬નાંમોત

**અગાઉ** જ અહીં હિંસામાં ૩૦નાં મોત થયા છે

**નિ:શસ્ત્ર** દેખાવકારો પર પાકિસ્તાની લશ્કરે ગોળીબાર કર્યો

લાહોર, તા. ૧૧: પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(PoK)ના ઈદગાહ મેદાનમાં ગુરુવારે પાકિસ્તાની સેનાએ હજારો નિઃશસ્ત્ર પ્રદર્શનકારીઓ પર એકે-47 રાઈફલોથી આંધાધૂંધ ગોળીબાર કરતા ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયા છે અને અન્ય ૩૭ લોકો ઘાયલ થયા છે. આ પહેલા જ અહીં અશાંતિમાં ત્રીસેક લોકોનાં મોત થઈ ચુક્યા છે.

સામાન્ય નાગરિકો દ્વારા મૂળભૂત અધિકારોની માંગ સાથે આ પ્રદર્શન શાંતિપૂર્ણ રીતે શરૂ થયું હોવા છતાં, પાકિસ્તાની સેનાએ ભીડ પર ગોળીબાર શરૂ કરતા જ સમગ્ર દ્રશ્ય થોડી જ વારમાં હિંસક બની ગયું હતું.

પાકિસ્તાનના સતત કબજા અને પ્રદેશમાં તેની નીતિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવા માટે રાવલાકકોટમાં લગભગ ૬૦,૦૦૦ થી ૭૦,૦૦૦ લોકો એકઠા થયા હતા.

પ્રદર્શનકારીઓએ મંગળવારે PoKમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં માર્યા ગયેલા ૩૦ લોકો અને ઘાયલ થયેલા ૨૦૦ લોકો માટે ન્યાયની માંગ કરી હતી.

"યે જો દહેશતગર્દી હૈ, ઈસકે પીછે વર્દી હૈ" (આ જે આતંકવાદ છે, તેની પાછળ ગણવેશધારીઓ છે) - પ્રદર્શનકારીઓએ આ સૂત્ર ગુંજાવ્યું હતું જે હવે સમગ્ર વિસ્તારમાં એકજૂથ થવાનો મુખ્ય નારો બની ગયું છે.